# શ્રી ખોડીયાર ચાલીસા Shree Khodiyar Chalisa Lyrics in Gujarati

અનેક રૂપે અવતરી ભોમ ઉતારણ ભાર
આવી શક્તિ ઈશ્વરી ખમકારી ખોડિયાર
જગત જનેતા આપ છો દયાળુ ને દાતાર
ભવસાગર થકી તરવા ખોડલ એક આધાર

નવ ખંડોમાં નેજા ફરકે દશે દિશાએ તારા નામ
ભક્તો તણી પ્રતિપાલ છે તું ખમકારી ખોડિયાર
ગળધરે પરથમ વાસ કર્યો પ્રગટ્યા શક્તિ અવતાર
દર્શન દીધા રા'નવઘણને ખમકારી ખોડિયાર

જય હો ખોડિયાર માઁ જય હો ખોડિયાર માઁ
જય જય ખોડિયાર માઁ જય જય ખોડિયાર માઁ

તું તાંતણિયા ધરાવાળી દર્શનથી સુખ દેનાર
ટાળતી દુઃખ જો અનેકનાં ખમકારી ખોડિયાર
સોરઠભૂમિ સોહામણી માટેલ ધરામાં વાસ
મડદા તું ઉઠાડતી માઁ ખમકારી ખોડિયાર

ખોડલ ખડ્ગધારી માત વિધાવડવાળી માત
પરચા પૂર્યા તે ઘણા થઈ જગતમાં વિખ્યાત
ડુંગરે ડુંગરે દીવા બળે તારા માઁ ખોડિયાર
ત્રિશૂળ તેજસ્વી હાથમાં દિવ્ય જેનો ચમકાર

જય હો ખોડિયાર માઁ જય હો ખોડિયાર માઁ
જય જય ખોડિયાર માઁ જય જય ખોડિયાર માઁ

ત્રિશૂળધારિણી ખોડલી કરતી તું ખમકાર
લોબડીઆળી આઈ તું સહુને સુખ દેનાર
મગર ઉપર સવારી કરી પધારે ખોડલ માત
જે ભાવે જે જે ભજે તેને દર્શન દે સાક્ષાત

ધરા ધરામાં વાસ તારો ત્રિશૂળ કર્યું નિશાન
ગિરિ ડુંગરે વાસ તારો પરચા તારા મહાન
વાંઝિયામેણું ટાળવા અવતર્યા ચારણ ઘેર
કર્યો માઁ તે કુળ ઉદ્ધાર ખમકારી ખોડિયાર

જય હો ખોડિયાએ માઁ જય હો ખોડિયાર માઁ
જય જય ખોડિયાએ માઁ જય જય ખોડિયાર માઁ

જન્મ્યાં મોમડિયાને ઘેર છ બહેનોની સંગાથ
લોકો ખોડી કેતા તને પણ થઈ તું જગ વિખ્યાત
ખોડલ કેરી સહાયથી વરુડી કરતી કાજ
પરચા કઈ જોવા મળ્યા રા'નવઘણને સાચ

ખોડલ કેરી સહાયથી જો દરિયો ઓળંગાય

સમરે જે જે ભાવથી કામ તેનાં સફળ થાય
દર્શન દીધાં રાયને ખોડલ માઁ એ સાક્ષાત
ધન્ય બની ગયું જીવન જગમાં થયો વિખ્યાત

જય હો ખોડિયાર માઁ જય હો ખોડિયાર માઁ
જય જય ખોડિયાર માઁ જય જય ખોડિયાર માઁ

ત્રણ વરસની ઉંમરે પરચા પૂરતી માય
હતી વરોળી વાંઝણી થઈ દુઝતી ગાય
સોના રુપાની છડી પર લાલ ધજા અનુપમ
પૂજે ખોડિયાર માતને વલ્લભીપુરના ભૂપ

ખોડલ કેરી કૃપાએ નિરોગી થયો રાજકુમાર
રોગ-દોષ સૌ ચાલી ગયા થયુ મુખ તેજ અંબાર
શિહોર કેરા ડુંગરે કર્યો ખોડલ વાસ
રંક રાય સૌ નમન કરે માઁ પુરે સૌની આશ

જય હો ખોડિયાર માઁ જય હો ખોડિયાર માઁ
જય જય ખોડિયાર માઁ જય જય ખોડિયાર માઁ

નેક ટેક વ્રત શ્રદ્ધાથી મેં'રબાન ખોડલ થાય
પંગો વરજાંગ સુતને જો ચડાવ્યો ડૂંગર ક્ષણમાંય
એ પ્રતાપી માઁ ખોડલે કર્યો પ્રચંડ પડકાર
ધુણાવ્યો ધુંધળીનાથને પરચાળી તું ખોડિયાર

એ ધૂણે મંડયો ધુણવા ધુંધળી જોગંદર
માઁ એ વગડાવ્યાં ડાકલાં ધૂણે ધાંધલપર
કોળાભા સદ્દભાગી કમળાઈ ડુંગર નું નામ
દર્શનથી દુઃખડાં ટળે માઁ ખોડિયાર નું ધામ

જય હો ખોડિયાર માઁ જય હો ખોડિયાર માઁ
જય જય ખોડિયાર માઁ જય જય ખોડિયાર માઁ

હઠીસિંગ કુમતિયો થયો અત્યાચાર કર્યા અમાપ
માઁ કન્યાએ તવ કૃપાથી ભસ્મી કીધો એ ભૂપ
તાંતણિયા ધરા પાસે ખોડલે કર્યા ધામ
ભાવનગર નૃપતિઓનાં માઁ કરતી સદા કામ

ચિંતા વિઘ્ન વિનાશિની ત્રિશૂળ હસ્ત ધરંત
હે ખોડલ માઁ દયાળી તુ ભક્ત રક્ષા કરંત
માઁ ખોડલ માઁ દયાળી જેને કરતી સહાય
શરણાગત રક્ષા નિત જોને કરતી માય

જય હો ખોડિયાર માઁ જય હો ખોડિયાર માઁ
જય જય ખોડિયાર માઁ જય જય ખોડિયાર માઁ

અંધને દેખતાં કરે વાંઝિયાને આપે બાળ

પરચા અપરંપાર ખોડલ તું છે દિનદયાળ
ખોડલ ખોડલ જે કહે ને ધરે નિરંતર ધ્યાન
તેની સહાયે સર્વદા રહે તું ખોડલ માત

દીનવત્સલ ખોડિયારની કૃપા નજર જો થાય
તો તૃણનો મેરુ બને મૂંગો મંગળ ગાય
મોમડિયાની બાળને ભજતાં પાતક જાય
પાપ સરવ તેનાં ટળે જીવન ઉન્નત થાય

જય હો ખોડિયાર માઁ જય હો ખોડિયાર માઁ
જય જય ખોડિયાર માઁ જય જય ખોડિયાર માઁ

આધિ વ્યાધિ સહુ ટળે ખોડલને દરબાર
આશા સહુ પૂરી કરે ખમકારી ખોડિયાર
ધાબડીયાળી માવડી ખપ્પરવાળી ખોડિયાર
ખમકારો જો કરે તો ભવનાં દુઃખડાં જાય

ખોડલ સૌની માવડી સંકટે કરે સહાય
તેને ભરોસે નાવડી ઊતરે પાર સદાય
સહાય જેને ખોડિયારની મનસા પૂરણ થાય
હર પળે હાજર રહે એ ખમકારી ખોડલ માય

જય હો ખોડિયાર માઁ જય હો ખોડિયાર માઁ
જય જય ખોડિયાર માઁ જય જય ખોડિયાર માઁ

BHARAT lyrics

લંગડા બને સાજા નરવાં માઁ ખોડલને પ્રતાપ
રોગી કઈક થાય નિરોગી માઁ ખોડલને પ્રતાપ
લૂલાં લંગડા ને દુ:ખીયા આવતા માઁ ને દ્વાર
હેતથી હસી રાજી કરી ખોડલ કરતી વહાર

ખોડલ સૌની માવડી વિપત્તે કરજે સહાય
ભારતલીરીક્સ.કોમ
બિરુદ તારુ જાય ના ભરજે ન પાછો પાય
માઁ ની લીલાનો નહિ પાર જેના ઠેર ઠેર ધામ
માઁ ના ગુણ ગાવાનો નહી પાર સર્વ હૈયે એનુ નામ

*More Lyrics from [Meshwa Films]*

# Shree Khodiyar Chalisa Lyrics

Anek rupe avtaru bhom utaran bhar
Aavi shakti khamkhari khodiyar
Jagat janeta aap cho dayalu ne daatar
Bhavsagar thaki tarva khodal ek aadhar

Nav khando ma neja farke dashe disha ae tara naam
Bhakto tani pratipal che tu khamkari khodiyar
Gaddhare partham vaas karyo pragtya shakti avtar

Jay ho khodiyar maa jay ho khodiyar maa
Jay jay khodiyar maa jay jay khodiyar maa

Tu tatniya dharawali darshan thi sukh denar
Taldti dukh jo anek na khamkari khodiyar
Sorathbhumi sohamani matel dhara ma vaas
Madda tu uthadti maa khamkari khodiyar

Khodal khadagdhari maat vidhavadwali maat
Parcha purya te ghana thai jagat ma vikhyat
Dungare dungare diwa bale tara maa khodiyar
Trishul tejasvi haath ma divya jeno chamkar

Jay ho khodiyar maa jay ho khodiyar maa
Bharatlyrics.com
Jay jay khodiyar maa jay jay khodiyar maa

Trishuldharini khodali karti tu khamkar
Lobadiyadi aai tu sahu ne sukh denar
Magar upar sawari kari padhare khodal maat
Je bhave je je bhaje tene darshan de sakshat

Dhara dhara ma vaas taro trishul karyu nishan
Giri dungare vaas taro parcha tara mahan
Vajhiyamenu tadva avtarya charan gher
Karya maa te kul uddhar khamkari khodiyar

Jay ho khodiyar maa jay ho khodiyar maa
Jay jay khodiyar maa jay jay khodiyar maa

Janmya momdiya ne gher chh baheno ni sangath
Loko khodi keta tane pan thai tu jagat vikhyat
Khodal keri sahay thi varudi karti kaaj
Parcha kai jova madya ra navdhan ne saach

Khodal keri sahay thi jo dariyo odangay
Samre je je bhaav thi kaam tena safal thay

Darshan didha ray ne khodal maa ae sakshat
Dhanya bani gayu jivan jag ma thayo vikhyat

Jay ho khodiyar maa jay ho khodiyar maa
Jay jay khodiyar maa jay jay khodiyar maa

Tran varas ni umare parcha purti maay
Hati varodi vanzani thai dujati gaay
Sona rupani chadi par laal dhaja anupam
Puje khodiyar maat ne vallabhipur na bhup

Khodal keri krupa ae nirogi thayo rajkumar
Rog dosh sau chali gaya thayu mukh tej ambaar
Sihor kera dungare karyo khodal vaas
Rank raay sau naman kare maa pure sauni aash

Jay ho khodiyar maa jay ho khodiyar maa
Jay jay khodiyar maa jay jay khodiyar maa

Nek tek vrat sraddha thi mehrabaan khodal thay
Pango varjang sutane jo chadavyo dungar khshanmay
Ae pratapi maa khodale karyo prachand padkar
Dhunavyo dhundhadinath ne parchali tu khodiyar

Ae dhune mandyo dhunva dhundhdi jogandar
Maa ae vagdavya dakla dhune dhandhalpar
Kodabha sadbhaagi kamdai dungar nu naam
Darshan thi dukhda tale maa khodiyar nu dhaam

Jay ho khodiyar maa jay ho khodiyar maa
Jay jay khodiyar maa jay jay khodiyar maa

Hathisingh kumatiyo thayo atyachar karyo amaap
Maa kanya ae tav krupa thi bhashmi kidho ae bhup
Tataniya dhara pase khodale karyo dhaam
Bhavnagar nrupatiyo na maa karti sada kaam

Chinta vighn vinashini trishul hast dharant
He khodal maa dayali tu bhakt raksha karat
Maa khodal maa dayali jene karti sahay
Sarnagat raksha nit jone karti maay

Jay ho khodiyar maa jay ho khodiyar maa
Jay jay khodiyar maa jay jay khodiyar maa

Andh ne dekhta kare vanzhiya ne aap baal
Parcha aprampar khodal tu che dindayal
Khodal khodal je kahe ne dhare nirantar dhyan
Teni sahaye sarvda rahe tu khodal maat

Dinvastsal khodiyar ni krupa najar jo thay
To tan no meru bane mungo mangal gaay
Momdiyani baal ne bhajta patak jaay
Paap sarav tena tale jivan unnat thay

Jay ho khodiyar maa jay ho khodiyar maa
Jay jay khodiyar maa jay jay khodiyar maa

Aadhi vyadhi sahu tale khodal ne darbar
Aasha sahu puri kare khamkari khodiyar
Dhabadiyawali mavadi khapparwali khodiyar
Khamkari jo kare to bhav na dukhda jay

Khodal sauni mavadi sankate kare sahay
Tene bharose navadi utare paar saday
Sahay jene khodiyar ni mansa puran thay
Har pale hajar rahe ae khamkari khodal maay

Jay ho khodiyar maa jay ho khodiyar maa
Jay jay khodiyar maa jay jay khodiyar maa

Langada bane saja narva maa khodal ne pratap
Rogi kaik thay nirogi maa khodal ne pratap
Lula langada ne dukhiya aavta maa ne dhwar
Het thi hasi raji kari khodal karti vahar

Khodal sauna mavadi vipate karje sahay
Birud taru jay na bharje na pacho pay
Maa ni leela no nahi paar jena ther ther dhaam
Maa na ghun gava no nahi paar sarve haiye enu naam

*More Lyrics from Meshwa Films*